**Received on :**
**Registered on:**
**Decided on :**
**Duration: Year Month Day**

**પોરબંદરના નામદાર એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં.**

સેશન્સ કેસ નં. ૨૧/૨૦૨૪

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

૧. જયેશભાઇ મગનભાઇ ચાવડા,
રહે. શેઠ વડાળા, તા. જામ–જોધપુર, જી. જામનગર.
૨. માલદેભાઇ બી. પરમાર,
રહે. માણાવદર, જી. જુનાગઢ
૩. વાજા મનસુખભાઇ છગનભાઇ, **(એબેટેડ)**
રહે. શેરી નં. ૩ મીલપરા, વાછરાદાદા શેરી,
ઝુંડાળા, તા.જી. પોરબંદર. ..... આરોપીઓ.

**ગુન્હો :– ધી માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) *એકટ ૧૯૫૭ ની કલમ–૨૨, ૪(૧) તથા ૨૧ તથા ગુજરાત મિરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સ્પોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રુલ્સ–૨૦૧૭ ના નિયમ–૩ ના ભંગ તથા ૨૧ મુજબ....***

**:::::::::: :::::::::: :::::::::: ::::::::::**
**ફરીયાદ પક્ષે વિધ્વાન સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા...**
**આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી વી. જી. પરમાર...**
**:::::::::: :::::::::: :::::::::: ::::::::::**

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ ધી માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) *એકટ ૧૯૫૭ ની કલમ–૨૨, ૪(૧) તથા ૨૧ તથા ગુજરાત મિરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સ્પોર્ટેશન એન્ડ સ્ટોરેજ)*

*રુલ્સ–૨૦૧૭ ના નિયમ–૩ ના ભંગ તથા ૨૧* મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામમાં ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૧–૧૨–૨૦૨૩ ના રોજ નાયબ કલેકટરશ્રી પોરબંદરની ટીમ ધ્વારા તથા મામલતદારશ્રી, પોરબંદર (ગ્રામ્ય) ની ટીમ ધ્વારા મોજે માધવપુર, તા.જી. પોરબંદર ખાતે આકસ્મીક તપાસ હાથ ધરેલ અને તપાસ સમયે કોર્ટીનેટ LAT-21.245625,LONG-69.976485 સરકારી સર્વે નં. ૨૮૩૦ વાળા સ્થળ ઉપર બીલ્ડીંગ લાઈમ સ્ટોનનું ગેરકાયદેસર ખોદકામ કરતા જણાયેલ અને સદર ખોદકામ તમો આરોપીઓ ધ્વારા ચલાવવામાં આવતું હોવાનું જણાયેલ. અને તમો આરોપીઓ ધ્વારા કુલ બે પીટમાં બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજનું બિન અધિકૃત રીતે ખોદકામ ૧૯૯૬૩.૧૦ ઘન મીટર જેટલુ કરેલ જેમાં લાગુ લીઝના માઈનીંગ પ્લાન મુજબ સ્પેસીફીક ગ્રેવીટી ૨.૫૫ લેખે ગણતરી કરતા કુલ ૫૦,૯૦૫.૯૧ મે.ટનનું બીન અધિકૃત ખોદકામ આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ જેમાં રેટ ફોર રીકવરી ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન તા. ૨૦–૩–૨૦૧૮ મુજબ પ્રતિ મે. ટન રુા. ૪૦૦/– લેખે ગણતરી કરતા રુા. ૨,૦૩,૬૨,૩૬૪/– તેમજ ઉપયોગમાં લેવામાં આવેલ મશીનરી સાત ચકરડી મશીન અને એક જનરેટરના શીડયુલ ૩(ડી) મુજબ દંડકીય રકમ રુા. ૨,૦૦,૦૦૦/– થાય આમ કુલ મળીને રુા. ૨,૦૫,૬૨,૩૬૪/– તેમજ ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ તા. ૧૦–૦૯–૨૦૧૮ ની જોગવાઈ મુજબ GMMCR 2017 ના સીડયુલ – III ની જોગવાઈ મુજબ વસુલવા પાત્ર ૨૬ % પ્રમાણેની રકમ રુા. ૫૨,૯૪,૨૧૫/– અને તે રીતે કુલ રુા. ૨,૫૮,૫૬,૫૭૯/– ની ખનીજ ચોરી કરેલ જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ તેને ઈન્કવાયરી રજીસ્ટરે લઈ ત્યારબાદ સુનાવણીના અંતે સેશન્સ કેસ નં. ૨૧/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપીઓ આ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરાગામી ન્યાયાધિશ સાહેબશ્રીએ આંક-૨૮ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક-૨૯ તથા આંક-૩૦ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે, જેથી આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવાઓ :-**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો. | આંક |
|---|---|---|---|
| ૧. | સંદિપકુમાર અરશીભાઈ જાદવ | સાહેદ | ૩૧ |
| ૨. | કેવીનભાઈ યશવંતભાઈ ઉનડકટ | ફરીયાદી | ૪૫ |

**દસ્તાવેજી પુરાવાઓ :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ રોજકામ | ૩૨ |
| ૨. | તપાસણી રીપોર્ટ | ૩૩ |
| ૩ | લીગલ ડીપાર્ટમેન્ટના નોટીફીકેશન | ૪૬ થી ૪૮ |
| ૪ | સીઝર ફોર્મ જે, રોજકામ, માપણી શીટ, કારણદર્શક નોટીસની ખરી નકલ | ૪૯ થી ૫૩ |

(૬) ફરીયાદ પક્ષ તરફથી તા.૨૯-૪-૨૦૨૬ આંક-૬૧ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે. અને બચાવનો કોઈ પુરાવો આપેલ નથી. અને આરોપીઓને તમારે વિશેષમાં કાંઈ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, " તેઓ નિર્દોષ છે. છોડી મુકવા અરજ કરેલ છે."

(૮) ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા તથા આરોપીઓ તરફે વિ.વ. શ્રી વી. જી. પરમારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુ દ્દા ઓ :**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૧–૧૨–૨૦૨૩ ના રોજ નાયબ કલેકટરશ્રી પોરબંદરની ટીમ ધ્વારા તથા મામલતદારશ્રી, પોરબંદર (ગ્રામ્ય) ની ટીમ ધ્વારા મોજે માધવપુર, તા.જી. પોરબંદર ખાતે આકસ્મીક તપાસ હાથ ધરેલ અને તપાસ સમયે કોર્ડીનેટ **LAT-21.245625,LONG-69.976485** સરકારી સર્વે નં. ૨૮૩૦ વાળા સ્થળ ઉપર બીલ્ડીંગ લાઈમ સ્ટોનનું ગેરકાયદેસર ખોદકામ કરતા જણાયેલ અને સદર ખોદકામ તમો આરોપીઓ ધ્વારા ચલાવવામાં આવતું હોવાનું જણાયેલ. અને તમો આરોપીઓ ધ્વારા કુલ બે પીટમાં બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજનું બિન અધિકૃત રીતે ખોદકામ ૧૯૯૬૩.૧૦ ઘન મીટર જેટલુ કરેલ જેમાં લાગુ લીઝના |

| | |
|---|---|
| | માઈનીંગ પ્લાન મુજબ સ્પેસીફીક ગ્રેવીટી ૨.૫૫ લેખે ગણતરી કરતા કુલ ૫૦,૯૦૫.૯૧ મે.ટનનું બીન અધિકૃત ખોદકામ આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ જેમાં રેટ ફોર રીકવરી ઉધોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન તા. ૨૦–૩–૨૦૧૮ મુજબ પ્રતિ મે. ટન રુા. ૪૦૦/– લ ેખે ગણતરી કરતા રુા. ૨,૦૩,૬૨,૩૬૪/– તેમજ ઉપયોગમાં લેવામાં આવેલ મશીનરી સાત ચકરડી મશીન અને એક જનરેટરના શીડયુલ ૩(ડી) મુજબ દંડકીય રકમ રુા. ૨,૦૦,૦૦૦/– થાય આમ કુલ મળીને રુા. ૨,૦૫,૬૨,૩૬૪/– તેમજ ગુજરાત સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ તા. ૧૦–૦૯–૨૦૧૮ ની જોગવાઈ મુજબ GMMCR 2017 ના સીડયુલ – III ની જોગવાઈ મુજબ વસુલવા પાત્ર ૨૬ % પ્રમાણેની રકમ રુા. ૫૨,૯૪,૨૧૫/– અને તે રીતે કુલ રુા. ૨,૫૮,૫૬,૫૭૯/– ની ખનીજ ચોરી કરી ધી માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) *એકટ ૧૯૫૭ ની કલમ–૨૨, ૪(૧) તથા ૨૧ તથા ગુજરાત મિરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સર્પોટેશન એન્ડ સ્ટોરેજ) રુલ્સ–૨૦૧૭ ના નિયમ–૩ ના ભંગ તથા ૨૧* મુજબનો ગુન્હો કરેલ છે ? |
| | |
| ૨. | શું હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## : <u>નિર્ણયના કારણો</u> :

**<u>મુદ્દા નં. ૧</u> :–**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરસપુડન્સની જોગવાઈ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષાની છે. જે મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. જો ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં. ૨ તરીકે આંક–૪૫ થી ફરીયાદી કેવીનભાઈ યશવંતભાઈ ઉનડકટને તપાસવામાં આવેલ છે. આ ફરીયાદીનો પુરાવો વં ચાણે લેતા જણાવે છે કે, ભુસ્તારશાસ્ત્રીશ્રી પોરબંદરની કચેરી ખાતે હું તા. ૨૪/૧૧/૨૦૨૧ થી ૦૪/૦૩/૨૦૨૫ સુધી માઈન્સ સુપરવાઈઝર તરીકે મારી ફરજ બજાવતો હતો અમારી કચેરીના કાર્યક્ષેત્રમાં પોરબંદર જિલ્લામાં ગે.કા. ખનીજના ખનન, વહન અને સંગ્રહનને અટકાવવાની પ્રવૃતિ સાથે ખનીજના લીઝ/ બ્લોક, ખનીજનુ સંગ્રહ માટે સ્ટોક રજીસ્ટ્રેશન વિગરે જેવી કામગીરી કરવાની હોય છે. તા. ૨૨/૧૨/૨૩ ના રોજ નાયબ કલેકટર શ્રી પોરબંદર ગ્રામ્યના અહેવાલ અનુસાર તેઓએ તથા તેની ટીમ તેમજ મામલતદારશ્રી પોરબંદર ગ્રામ્ય તથા તેની ટીમ દ્વારા પોરબંદર જિલ્લાના માધવપુર ગામના સરકારી સર્વે નં. ૨૮૩૦ માં બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજનુ ગે.કા. ખનન પકડેલ સ્થળ પર હાજર મહેતાજી નથુભાઈ એન. ઓડેદરા તથા મજુરોને સદરહું ખાણ કોની હોય તે પુછતા તેઓએ જણાવેલ કે, આ ખાણ જયેશભાઈ મગનભાઈ ચાવડા તથા માલદેભાઈ બી. પરમાર ચલાવતા હોય નથુભાઈ એન. ચાવડાના મોબાઈલના કોલ રેકોર્ડીંગ પરથી માલદેભાઈ બી.પરમાર સાથે થયેલ વાતચીત અનુસાર ખાણમાંથી મશીનરીઓ કાઢી લીધી કે કેમ ? તથા ટ્રકમાં પથ્થર ભરાવેલ છે કે કેમ તેવી વાતચીત થયેલ જે બાદ સદરહું ખાણ માલદેભાઈ બી. પરમારની હોવાનું સાબિત થયેલ અને ખાણ વિસ્તારમાં કુલ– સાત ચકકરડી મશીન પૈકી છ ચકકરડી મશીન ઝાડી ઝાખરામાં તથા એક સ્થળ પર હાજર મળી આવેલ તથા એક જનરેટ આંત્રોલી ગામે મોકલેલ તેવું નાયબ કલેકટરશ્રી પોરબંદર ગ્રામ્યના અહેવાલમાં જણાયેલ. ત્યારબાદ નાયબ કલેકટરશ્રી દ્વારા અમારી

કચેરીનો સંપર્ક કરતા સઘળી હકીકત જણાવી સ્થળ પર આવવાનું કહેલ જે બાદ અમો અમારી સરકારી વાહન લઇ સ્થળ પર ગયેલ તેમજ બિનઅધિકૃત બિલ્ડીંગ લાઇમ સ્ટોન ખનીજના ખનનમાં ઉપયોગમાં આવેલ સાત ચકકરડી મશીન તથા એક જનરેટરને નિમયોનુસાર સીઝ કરી નજીકની જમનભાઇ ડાયાભાઇ સુતરીયાના નામની લીઝના પ્રતિનિધીશ્રી જયેશભાઇ ગોવિંદભાઇ વાજાની કસ્ટડીમાં રાખવામાં આવેલ ત્યારબાદ તા. ૧૨/૧૨/૨૦૨૩ ના રોજ  અમો તથા સર્વેયર શ્રી આર.બી.ગરસાણીયા દ્વારા ખનન વાળા વિસ્તારની માપણી કરી નકશો તૈયાર કરેલ જે અનુસાર ૫૦૯૦૫.૯૧ મેટ્રીક ટન બિલ્ડીંગ લાઇમ સ્ટોન ખનીજનું ખનન થયેલ હોવાનું ફ્લિત થયેલ ત્યારબા દ તા.૫/૧/૨૪ ના રોજ લીઝ પર મુકાવેલ મશીનરી / વાહનને સીઝ કરી નવીબંદર પો.સ્ટેની કસ્ટડીમાં સોંપેલ બાદ સદરહું કેસમાં સંકળાયેલ ઇસમ જયેશભાઇ મગનભાઇ ચાવડા તથા માલદેભાઇ બી. પરમારને ૫૦૯૦૫.૯૧ મેટ્રીક ટન બિલ્ડીંગ લાઇમ સ્ટોન ખનીજના ગે.કા. ખનન અન્વયે મશીનરી તથા પર્યાવરણ વળતર સાથેના રૂા. ૨ કરોડ ૫ લાખ ૬૨ હજાર ૩૬૪ રૂપિયા ભરપાઇ કરવા કારણદર્શક નોટીશ પાઠવેલ જે અનુસંધાને માલદેભાઇ બી. પરમાર દ્વારા મશીનરી મનસુખભાઇ છગનભાઇ વાજાની હોવાનું સોગંદનામું રજુ કરેલ ત્યારબાદ અમોને તા.૨૩/૧/૨૦૨૪ ના રોજ મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી પોરબંદરના પત્ર થી સેશન્સ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા જણાવતા અમોએ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે ફરીયાદ આપેલ. તેમ જણાવી આંક–૪૬ થી ૪ ૮ સુધીના લીગલ ડીપાર્ટમેન્ટના નોટીફીકેશનની ખરીનકલ તથા આંક–૪૯ થી ૫૩ સુધીના સીઝર મેમો જે, રોજકામ, માપણી શીટ, કારણદર્શક નોટીની ખરી નકલ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ તા. ૧૧/૧૨/૨૦૨૩ નો છે અને તેની ફરીયાદ તા. ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ આપેલી છે. એ વાત ખરી છે કે રેઇડ કરવામા આવી ત્યારે હુ ત્યા હાજર ન હતો. એ વાત ખરી છે કે બનાવ બાબતે મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે અમોએ પ્રાંત અધિકારીના અહેવાલના આધારે ફરીયાદ આપેલી છે.

એ વાત ખરી છે કે મે બનાવ વાળી જગ્યાની મુલાકાત લીધેલી. અમોએ બનાવાવાળી જગ્યાની મુલાકાત તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ લીધેલી. એ વાત ખરી છેકે મે આપેલ ફરીયાદમા તા.૧૧/૧૨/૨૩ ના રોજ બનાવવાળી જગ્યાએ ગયેલ હોય તેવ કયાંય સ્પષ્ટ લખેલ નથી. એ વાત ખરી છે કે એકને એક મુદામાલ અમોએ બે વખત સીઝ કરેલ છે. એ વાત ખરી છે કે આ સીઝર મેમોમા આરોપીની કોઇ જગ્યાએ સહી લીધેલ નથી. એ વાત ખરી છે કે સીઝ કરેલો મુદામાલ અમોએ કોઇ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે કરી સીઝ કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે ૨૯/૧૨/૨૦૨૩ ના રોજ અમારી કચેરી દ્ધારા માલદેભાઇ બી. પરમારને કારણદર્શક નોટીશ આપવામાં આવેલી. એ વાત ખરી છે કે આ કારણદર્શક નોટીશના જવાબમાં માલદેભાઇએ મશીનરી તથા ખોદકામ તેઓનુ નથી તેવુ જણાવેલ. એ વાત ખરી છે કે આ કારણદર્શક નોટીશના સંદર્ભમાં ઇસમ મનસુખભાઇ છગનભાઇ વાજા દ્ધારા અમારી કચેરીમા સોગંદનામુ રજુ કરી જણાવેલ છે કે માલદેભાઇ ભુરાભાઇ પરમારનો આ કેસમા કોઇ હાથ ન હોય તેવુ જણાવેલ.એ વાત ખરી છે કે મનસુખ છગનભાઇ વાજા દ્ધારા પોતાના સોગંદનામામા આ મશીનરી કોના દ્ધારા બનાવવાળા સ્થળે રાખવામા આવેલ છે તે સ્પષ્ટ જણાવેલ છે. એ વાત ખરી છે કે, કહેવાતા કોલ રેકોર્ડીંગની સીડી બાબતે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૫ બી નુ સર્ટીફિકેટ આ કામે મેળવી રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આ કામના સ્થળ પર હાજર મહેતાજી ઓડેદરા ઉર્ફે દીલીપ નાગાજણભાઇ ઓડેદરાનું વિગતવારનુ નિવેદન નોંધેલ નથી કે સાહેદ તરીકે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે ખનન થતુ હોય ત્યારે ત્યાં વીજ પુરવઠાની જરૂર પડે છે. એ વાત ખરી છેક ે બનાવાળી જગ્યાએ રેડ દરમ્યાન અથવા તો અમારી મુલાકાત દરમ્યાન મશીનો ચલાવવા માટે જરૂરી વીજ પ્રવાહ માટેના કોઇ લાઇટ કનેકશન કે કોઇ જનરેટર મળી આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ થી અમોએ જનરેટર કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે પ્રાંત અધિકારી દ્ધારા પોતાની કામગીરી બતાવવા માટે કરવામા આવેલી ખોટી રેડના સમર્થનમા મે ખોટી ફરીયાદ આપેલી છે. એ વાત ખરી નથી કે, પ્રાંત અધિકારી મારા ઉપલા અધિકારી થતા હોય તેમના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

(૧૩) આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં. ૧ તરીકે આંક–૩૧ થી સાહેદ સંદિપકુમાર અરશીભાઇ જાદવને તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું તા.૧૬/૧૦/૨૩ થી નાયબ કલેકટર તરીકે ફરજ બજાવુ છુ. તા.૧૧/૧૨/૨૩ ના રોજ અમોને બાતમી મળેલ કે, માધવપુરના પુધર સીમ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલી રહયુ છે. જેથી હું અને મારી સાથેનો પ્રાત ઓફીસનો સ્ટાફ, મામલતદાર ગ્રામ્યનો સ્ટાફ સાથે ઉપરોકત સ્થળે નીકળવા સરકારી ગાડીમાં રવાના થયેલ. ત્યાં ઉપરોકત સ્થળે પહોંચતા એક ગેરકાયદેસર ખાણમાંથી પથ્થર કટીગ મશીન અમુક લોકો દવારા બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવેલ. તે લોકોને રોકીને ખાણના ડોકયુમેન્ટની માગણી કરતા ખોદકામ અંગેના કોઇ આધાર પુરાવ રજુ કરી શકેલ નહી. આ ખોદકામ સરકારી પડતર સર્વે નં.૨૮૩૦માં કરતા હતા. ત્યાં હાજર પાંચ લોકોનું નામ ઠામ પુછતા નંબર એક એ પોતાનુ નામ દિલીપ ઉર્ફે નથુ પરમાર, ગામ પાતા હોવાનું જણાવેલ ઉપરાંત તેમની સાથે બીજા દિનેશ અરજણ માવદીયા, રમેશ લખમણભાઇ વાળા, રવિ અને પ્રવિણ હતા. આ ખાણ કોણ ચલાવતુ તે બાબતે દિલીપ અને અન્ય હાજર લોકોને પુછતા આ ખાણ જયેશ મગન ચાવડા, રહે.શેઠ વડાળા દવારા ચલાવવામાં આવતી હોવાનું જણાવવામાં આવેલ. ત્યારબાદ દિલીપ નાગાજણના મોબાઇલની ચકાસણી કરતા તેમાંથી માલદે પરમાર(માણાવદરીયા) તરીકે ઓળખાતા એક વ્યકિતનો રેકોર્ડીગ મળી આવેલ. જે રેકોર્ડીગ સાંભળતા ખાડામાંથી મશીનરી કાઢી લેવામાં આવેલ છે કે નહી અને દુરની જગ્યાએ મુકી દેવા બાબતે વાતચીત હતી. આ રેકોર્ડીગ હતા તે અમારા સ્ટાફના મોબાઇલમાં ટ્રાન્સફર કરી પોરબંદર ભુસ્તારશાસ્ત્રી તરફ મોકલી આપેલ. સ્થળ ઉપર એક ચકરડી ખાડાની અંદરથી તથા બીજી છ ચકરડી(કટર મશીન) આ સ્થળની બાજુમાં પુરી થઇ ગયેલ કે જે પણ સરકારી ખાણ પડતર સર્વે નંબર ૨૮૩૦ માં આવેલ હતી તેમા આવેલ બાવળ તથા જાળી જાખરા વચ્ચે સંતાડી દેવામાં આવેલ. બાદ એક જનરેટર જે આ ખનનમાં ઉપયોગ કરવામાં આવતુ તેને ઉપરોકત લોકો દવારા આજુબાજુ આત્રોલી ગામે મોકલવામાં આવેલ જેને ફરીથી સ્થળ ઉપર બોલાવવા માટે જણાવતા જનરેટર પણ ખાણ સુધી લઇ આવવામાં આવેલ. સ્થળ ઉપરથી સાત ચકરડીઓ અને એક જનરેટરને ગેરકાયદેસર જણાતા અમારા દવારા જીયોલોજીસ્ટને જાણ કરવામાં આવેલ અને ભુસ્તરશાસ્ત્રીની ટીમ ત્યાં આવી ગયેલ અને તેઓને આ ઇલલીગલ ગેરકાયદેસર

ખાણમા વપરાતી ચકરડી અને જનરેટર સોપી આપવામાં આવેલ.

આરોપી પક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અમોએ જીલ્લા કલેકટરશ્રીને તા.૨૨/૧૨/૨૩ ના રોજ રીપોર્ટ કરેલ હતો. આંક-૩૩ ના રીપોર્ટમાં એવું લખાવેલ છે કે, અમો આપ સાહેબની સુચના મુજબ ગેરકાયદેસર ખનન તથા ગેર કાયદેસર રીતે થતા આવા ખનીજની હેરફેરની અટકાવવાના હેતુથી અમો તથા અમોની ટીમ તેમજ મામલતદાર પોરબંદર(ગ્રામ્ય) તથા તેની ટીમ દવારા તેવો શબ્દ લખેલ છે. એ વાત ખરી છે કે, જીલ્લા કલેકટર સાહેબ ખનનને અટકાવવા કોઇ લેખિત સુચનાપત્ર કે હુકમ કરેલ નથી. એ વાત ખરી છે કે, કરેલ રીપોર્ટમાં અમોને બાતમી મળેલ તેવી હકિકત દર્શાવેલ નથી. અમો પોરબંદરથી ચેકીગમા કેટલા વાગ્યે નીકળેલ તે ચોકકસ સમય અત્યારે યાદ નથી, અને બનાવવાળી જગ્યાએ કેટલા વાગ્યે પહોંચેલ તે પણ ચોકકસ સમય યાદ નથી. એ વાત ખરી છે કે, આંક-૩૩ ના રીપોર્ટમા અમો નીકળવાનો અને પહોંચવાનો સમય રીપોર્ટમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, આ રીપોર્ટમાં અમો કયા વાહનમા હતા અને તેના રજી.નંબર શું હતા તે લખેલ નથી. એ વાત ખરી છે કે સરકારી વાહનમાં કોઇ પણ જગ્યાએ બહાર જઇએ ત્યારે લોગબુક નીભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, આવા કોઇ લોગબુકના ઉતારી નકલ મારા આંક-૩૩ ના રીપોર્ટ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, આંક-૩૩ ના રીપોર્ટ માં કયા ગામમા અને કયા સર્વે નંબરમા ખનીજ ચોરી પકડેલ તે સ્પષ્ટપણે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, આ આકસ્મિત ખનીજ ચોરી પકડેલ ત્યા હાજર વ્યકિતઓના ના નામ સરનામા રીપોર્ટમાં દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે, આંક-૩૩ ના રીપોર્ટ માં હાલના આરોપીના નામ દર્શાવેલ નથી. હાલના આરોપી જયેશ ચાવડા એ શેઠવડાળા ગામે અને આરોપી નં.ર માલદે પરમાર, માણાવદર ગામે રહે છે. એ વાત ખરી છે કે આ બંને ગામ પોરબંદર જીલ્લામાં આવતા નથી. એ વાત ખરી છે કે, હાલના બં ને આરોપીઓ અમો ગયેલ ત્યારે સ્થળ પર હાજર ન હતા. એ વાત ખરી છે કે અમો હાલના આરોપીઓને ઓળખતા નથી. એ વાત ખરી છે કે, તપાસણી ટીમને સ્થળ ઉપર મળી આવેલ વ્યકિતઓ દવારા અમોને જે નિવેદનમાં એક નામ જયેશ મગનનું નામ આપવામાં આવેલ તે વ્યકિતઓના નામ સાચા છે કે ખોટા અને બીજા માલદે ભુરાભાઇ પરમાર નામ આપવામાં આવેલ તે ફોનના રેકોર્ડીગ ઉપર થી મળી આવેલ તે સાચા છે કે ખોટા તે હું કહી શકુ નહી. બનાવ સમયે હાજર

વ્યકિતએ જે નામ આપ્યા તેને મે અથવા હાજર વ્યકિતઓ દવારા  ફોન કરીને સ્થળ પર બોલાવેલ હોય તેવું પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે, રેકોર્ડીંગવાળી વિગતો કયા ફોન નંબર થી કયા ફોન નંબર પર ફોન થયેલ તે પણ મારા રીપોર્ટમાં લખેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતું નિવેદનવાળુ પંચરોજકામ કરેલ એ પંચરોજકામમાં ત્યાં કોઈ સ્થાનિક અને પ્રતિષ્ઠીત વ્યકિતની હાજરીમાં રોજકામ કરેલ નથી. કહેવાતું નિવેદનવાળુ પંચરોજકામ કેટલા વાગ્યે શરૂ કરેલ અને કેટલા વાગ્યે પુરૂ કરેલ તેનો સમય ગાળો પણ દર્શાવેલ નથી. કહેવાતું નિવેદનવાળુ પંચરોજકામમાં મારી સાજે જે અધિકારીઓ હાજર હતા તેની પણ સહીઓ નથી.  એ વાત ખરી નથી કે, અમોને જીલ્લા કલેકટર સાહેબ તરફથી ખનીજ ચોરીના કેસો કરવાના તથા દંડ વસુલવાના આપવામાં આવતા ટાર્ગેટ પુરા કરવા ખોટી રીતે હાલનો અહેવાલ તથા પં ચ રોજકામ તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, અમો બનાવવાળી જગ્યાએ ગયેલા જ નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએ કોઇ ગેરકાયદેસર ખનન થતું હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએથી અમારી ટીમ દવારા કોઈ મુદામાલ કબ્જે કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએ હાજર વ્યકિતઓ મને કોઇ આરોપીઓના નામ આપેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૧૪)  આમ ઉપરોકત ફરીયાદ પક્ષો રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા ફરીયાદ પક્ષાનો મુખ્યત્વે આક્ષેપ એવો છે કે, હાલના કામના આરોપીઓએ તા. ૧૧–૧૨–૨૦૨૩ ના રોજ  પોરબંદર જીલ્લામાં આવેલ માધવપુર સરકારી જમીન સર્વે નં.૨૮૩૦ ઉપર ગેરકાયદેસર રીતે બીલ્ડીં ગ લાઇમ સ્ટોનનું ખોદકામ કરી ખનીજ ચોરી કરેલ છે. ઉપરોકત હકીકતના સંદર્ભમાં ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તા. ૨૨/૧૨/૨૩ ના રોજ નાયબ કલેકટર શ્રી પોરબંદર ગ્રામ્યના અહેવાલ અનુસાર તેઓએ તથા તેની ટીમ તેમજ મામલતદારશ્રી પોરબંદર ગ્રામ્ય તથા તેની ટીમ દ્વારા પોરબંદર જિલ્લાના માધવપુર ગામના સરકારી સર્વે નં. ૨૮૩૦ માં બિલ્ડીંગ લાઇમ સ્ટોન ખનીજનુ ગે.કા. ખનન પકડેલ સ્થળ પર હાજર મહેતાજી નથુભાઇ એન. ઓડેદરા તથા મજુરોને સદરહું ખાણ કોની હોય તે પુછતા તેઓએ જણાવેલ કે, આ ખાણ જયેશભાઇ મગનભાઇ ચાવડા તથા માલદેભાઇ બી. પરમાર ચલાવતા હોય નથુભાઇ એન. ચાવડાના મોબાઇલના કોલ

રેકોર્ડીંગ પરથી માલદેભાઇ બી.પરમાર સાથે થયેલ વાતચીત અનુસાર ખાણમાંથી મશીનરીઓ કાઢી લીધી કે કેમ ? તથા ટ્રકમાં પથ્થર ભરાવેલ છે કે કેમ તેવી વાતચીત થયેલ જે બાદ સદરહું ખાણ માલદેભાઇ બી. પરમારની હોવાનું સાબિત થયેલ અને ખાણ વિસ્તારમાં કુલ– સાત ચકકરડી મશીન પૈકી છ ચકકરડી મશીન ઝાડી ઝાખરામાં તથા એક સ્થળ પર હાજર મળી આવેલ તથા એક જનરેટ આંત્રોલી ગામે મોકલેલ તેવું નાયબ કલેકટરશ્રી પોરબંદર ગ્રામ્યના અહેવાલમાં જણાયેલ. જેથી તેઓ બનાવવાળા સ્થળે ગયેલા હોવાની હકીકત જણાવે છે. ફરીયાદી ધ્વારા કોઈ તપાસણી કરવામાં આવેલ નથી નાયબ કલેકટરશ્રીના રીપોર્ટને આધારે તેઓએ હાલની ફરીયાદ દાખલ કરેલાનું જણાય આવે છે.

વધુમાં ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકર્યા મુજબ એ વાત ખરી છે કે બનાવ તા. ૧૧/૧૨/૨૦૨૩ નો છે અને તેની ફરીયાદ તા. ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ આપેલી છે. એ વાત ખરી છે કે રેઇડ કરવામા આવી ત્યારે હુ ત્યા હાજર ન હતો. એ વાત ખરી છે કે બનાવ બાબતે મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે અમોએ પ્રાંત અધિકારીના અહેવાલના આધારે ફરીયાદ આપેલી છે. એ વાત ખરી છે કે સીઝ કરેલો મુદામાલ અમોએ કોઇ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે કરી સીઝ કરેલ હોય તેવું બનેલ નથી. આમ ઉપરોકત હકીકતે જોવામાં આવે તો જયારે કહેવાતી રેઈડ કે બનાવ સ્થળની તપાસણી કરવામાં આવેલ ત્યારે તેઓ ત્યાં ન હતાં અને તેઓને બનાવની કોઈ જાત માહીતી પણ નથી. તેઓએ માત્ર પ્રાંત અધિકારીના અહેવાલના આધારે હાલની ફરીયાદ આપેલાનું જણાય આવે છે.

વધુમાં આ કામે રેઈડ કરવા ગયેલ તે સાહેદ સંદિપકુમાર અરશીભાઈ જાદવનો પુરાવો વંચાણે લેતા તેઓએ પણ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, હાલના બંને આરોપીઓ અમો ગયેલ ત્યારે સ્થળ પર હાજર ન હતા. એ વાત ખરી છે કે અમો હાલના આરોપીઓને ઓળખતા નથી. એ વાત ખરી છે કે, તપાસણી ટીમને સ્થળ ઉપર મળી આવેલ વ્યકિતઓ દવારા અમોને જે નિવેદનમાં એક નામ જયેશ મગનનું નામ આપવામાં આવેલ તે વ્યકિતઓના નામ સાચા

છે કે ખોટા અને બીજા માલદે ભુરાભાઇ પરમાર નામ આપવામાં આવેલ તે ફોનના રેકોર્ડીંગ ઉપર થી મળી આવેલ તે સાચા છે કે ખોટા તે હું કહી શકુ નહી. બનાવ સમયે હાજર વ્યકિતએ જે નામ આપ્યા તેને મે અથવા હાજર વ્યકિતઓ દવારા ફોન કરીને સ્થળ પર બોલાવેલ હોય તેવું પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે, રેકોર્ડીંગવાળી વિગતો કયા ફોન નંબર થી કયા ફોન નંબર પર ફોન થયેલ તે પણ મારા રીપોર્ટમાં લખેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતું નિવેદનવાળુ પંચરોજકામ કરેલ એ પંચરોજકામમાં ત્યાં કોઇ સ્થાનિક અને પ્રતિષ્ઠીત વ્યકિતની હાજરીમાં રોજકામ કરેલ નથી. કહેવાતું નિવેદનવાળુ પંચરોજકામ કેટલા વાગ્યે શરૂ કરેલ અને કેટલા વાગ્યે પુરૂ કરેલ તેનો સમય ગાળો પણ દર્શાવેલ નથી. કહેવાતું નિવેદનવાળુ પંચરોજકામમાં મારી સાજે જે અધિકારીઓ હાજર હતા તેની પણ સહીઓ નથી. આમ ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદી અને સાહેદનો પુરાવો અને સાથેના રોજકામની હકીકતો વં ચાણે લેતા બનાવ સ્થળે હાલના આરોપીઓની હાજરી ઉપલબ્ધ નથી ત્યાં આજુબાજુમાં રહેલા વ્યકિતઓએ નામ આપતા હાલના આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપવામાં આવેલ છે. કહેવાતી ખનીજ ચોરી હાલના આરોપીઓ દ્વારા જ કરવામાં આવતી હતી અથવા તો આરોપીના માણસો દ્વારા કરાતી હતી તે બાબતે કોઇ સ્પષ્ટ આધાર કે પુરાવો ફરીયાદપક્ષે રજુ રજુ કરવામાં આવતો નથી. આમ આ કામના આરોપીઓ દ્વારા કહેવાતી બનાવવાળી જગ્યાએ ખોદકામ કરાવાતું હોય તેવી કોઇ જ હકીકતો સ્પષ્ટપણે ફલીત થતી નથી. આમ આરોપીઓ હાલના ગુન્હામાં સંડોવાયેલ હોય તેવી કોઇ હકીકતો ફલીત થતી નથી.

(૧૫) ઉપરોકત સમગ્ર ચર્ચાએ ફરિયાદપક્ષ રજૂ થયેલા પુરાવાઓથી આરોપીએ તા. ૧૧–૧૨–૨૦૨૩ ના રોજ પોરબંદર જીલ્લામાં આવેલ માધવપુર સરકારી જમીન સર્વે નં.૨૮૩૦ ઉપર ગેરકાયદેસર રીતે બીલ્ડીંગ લાઇમ સ્ટોનનું ખોદકામ કરી ખનીજ ચોરી કરેલ હોય તેવો કોઈ શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો હોય તેવું પણ રજૂ પુરાવાઓથી લેશમાત્ર પુરવાર થતું નથી અને આ તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ મુદા નં. ૧ ની હકીકતો પોતાની તરફેણમાં નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદા નં . ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## : આખરી હુકમ :

૧. આ કામના આરોપીઓ ૧. જયેશભાઈ મગનભાઈ ચાવડા, ૨. માલદેભાઈ બી. પરમારને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫ (૧) મુજબ ધી માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) *એક્ટ ૧૯૫૭ ની કલમ-૨૨, ૪(૧) તથા ૨૧ તથા ગુજરાત મિરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સ્પોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રુલ્સ-૨૦૧૭ ના નિયમ-3 ના ભંગ તથા ૨૧* મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી નં. વાજા મનસુખભાઈ છગનગીરી ન્યાયીક કાર્યવાહી દરમ્યાન અવસાન પામેલા હોય તેઓ સામેનો કેસ જે તે સમયે એબેટ કરવામાં આવેલ છે.

૩. આરોપીઓએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ-૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રુા. ૧૦,૦૦૦(અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા. ૩૦ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૩૦-૪-૨૦૨૬.

(પી. એચ. શર્મા)
એડીશ્નલ સેશન્સ જજ,
પોરબંદર.
GJ00701